## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
## નવસારી કૃષિ યુનિવર્સિટી, દેડિયાપાડા, જી. નર્મદા
## ટેન્ડર નોટીસ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દેડિયાપાડા, જી. નર્મદા ખાતે ચાલુ નાંણાકિય વર્ષ ૨૦૧૯–૨૦ માં આયોજીત કરવામાં આવતા કાર્યક્રમો જેવાકે તાલીમ, ખેડુત શિબિર, સેમિનાર અને કૃષિ મેળા જેવી વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેનાર લાભાર્થીઓ માટે ચા–નાસ્તો અને ભોજનના અને મંડપ અને શાઉન્ડ સીસ્ટમના ભાવો મંગાવવાના થાય છે. આ માટે અત્રેની કચેરીએ થી કચેરી સમય દરમ્યાન (જાહેર રજા સિવાય) ૧૫૦૦/– ફી ભરીને ટેન્ડર ફોર્મ મેળવી, ટેન્ડર ભરી ( તમામ ટેક્ષ સહીતના ભાવો સાથે) સદર ટેન્ડર પ્રસિધ્ધ થયેથી ૨૧ દિવસમાં અત્રેની કચેરીને મળે તે રીતે પોસ્ટ/કુરિયર દ્વારા મોકલી આપવાના રહેશે. જેની વિગતવાર માહિતી નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in પરથી મેળવી શકાશે.

સ્થળ: દેડિયાપાડા

વરિષ્ઠ વૈજ્ઞાનીક અને વડા
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડિયાપાડા

કચેરીનાં ઉપયોગ માટે

| | | |
|---|---|---|
| | **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**<br>નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>દેડીયાપાડા– ૩૯૩ ૦૪૦,જી.નર્મદા<br>ફોનં : ૦૨૬૪૯–૨૩૪ ૫૦૧<br>e-mail : kvkdediapada@nau.in<br>kvk_narmada@yahoo.in | |

જા.નં/ ન.કૃ.યુ/કેવિકે/દેડી/ટી–૭/ /૧૯ તા. / / ૨૦૧૯

# ટેન્ડર ફોર્મ

## મંડપ, સાઉન્ડ સીસ્ટમ
## તથા
## ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (નોન રીફંડેબલ) | :– | ૧૫૦૦/– ( અંકે રૂપિયા પંદરસો પુરા) |
| ૨ | ટેન્ડર ફી ભર્યાની તારીખ | :– | |
| ૩ | ટેન્ડર ફી ભર્યાની રીસીપ નં. | :– | |
| ૪ | ટેન્ડર નંબર | :– | |
| ૫ | ટેન્ડર ઈસ્યુ તારીખ | :– | |
| ૬ | ટેન્ડર ફોર્મ ભરીને કચેરીમાં રજુ કરવાની છેલ્લી તારીખ | :– | ૨૩ /૦૬/૨૦૧૯ |
| ૭ | ટેન્ડર ફોર્મ ભરીને મોકલવાનું સરનામું | :– | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>પારસી ટેકરા, દેડીયાપાડા– ૩૯૩ ૦૪૦,<br>જી– નર્મદા (ગુજરાત) |
| ૮ | ઓથોરીટીની સહી અને સિકકો | :– | |

# પાર્ટીની પ્રાથમિક માહિતી

| | | | |
|---|---|---|---|
| ૧ | પાર્ટીનું નામ | : | |
| ૨ | કાયમી સરનામું (પુરાવા સાથે) | : | |
| ૩ | પત્ર વ્યવહારનું પુરૂ સરનામું<br>(પુરાવા સાથે) | : | |
| ૪ | મોબાઈલ નંબર / ટેલીફોન નંબર | : | |
| ૫ | ઈ–મેઈલ સરનામું (જો હોય તો) | | |
| ૬ | EMD અંગેની વિગત | | |
| | ડીમાન્ડ ડ્રાફટ નંબર | : | |
| | ડીમાન્ડ ડ્રાફટ રકમ | : | |
| | ડીમાન્ડ ડ્રાફટ તારીખ | : | |
| | ડીમાન્ડ ડ્રાફટની બેન્કનું નામ | : | |
| ૭ | ઈન્કમ ટેક્ષ PAN નંબર | : | |
| ૮ | આધાર કાર્ડ નંબર | : | |
| ૯ | GST નંબર | : | |
| ૧૦ | કંપની રજીસ્ટ્રેશન નંબર /<br>નગરપાલીકાનું સર્ટિફીકેટ નંબર | : | |

- **જો GST નંબર ન હોય તો તે અગેનું પ્રમાણપત્ર ભાવ મોકલનાર પાર્ટીના લેટરપેડ રજુ કરવાનું રહેશે.**
- **આ ડોકયુમેન્ટ સંબંધિત તમામ શરતો અને બોલીઓ મેં વાંચી છે જે મને કબુલ અને મંજુર છે.**

ટેન્ડર ભરનારની સહી, નામ અને સિકકો

# પરીસંવાદ માટેનો મુખ્ય મંડપ, પ્રદર્શન સ્ટોલ, ભોજન માટેનો મંડપ, સાઉન્ડ સીસ્ટમ તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના ભાવ પત્રક

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પારસી ટેકરા, દેડીયાપાડા– ૩૯૩૦૪૦, જી– નર્મદા અંતર્ગત વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવાનું હોય કૃષિ પ્રદર્શન માટેના સ્ટોલ, પરીસંવાદ માટેનો મુખ્ય મંડપ, પ્રદર્શન સ્ટોલ, ભોજન માટેનો મંડપ, સાઉન્ડ સીસ્ટમ તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના ભાવ ભાવપત્રકમાં ભરવાના રહેશે અને નીચેના વિગતે અને શરતોને આધિન રહીને સેવાઓ પુરી પાડવાની રહેશે.

| ક્રમ | આઈટમનું નામ | સ્પેસીફીકેશન | તમામ ટેક્ષ સાથેના ૧ દિવસનો ભાવ |
|---|---|---|---|
| ૧. | મંડપ અને સામગ્રી | મંડપ– સાઈઝ ૧૫ × ૧૫ ફુટ (૧ ગાળો) | |
| | | મંડપ ફરતે કાપડનું સાઈઝ કવરીંગ (રનીંગ ફુટના ભાવ) | |
| | | મંડપમાં ગ્રીન ફલોરીંગ– સાઈઝ ૧૫ × ૧૫ ફુટ (૧ ગાળો) | |
| | | વેલ્વેટની કાર્પેટ ૧નંગનો ભાવ | |
| | | ગાદલા ૧ નંગનો ભાવ | |
| | | હાથાવાળી પી.વી.સી.ખુરસી ૧ નંગનો ભાવ | |
| | | મોટા પંખા સ્ટેન્ડવાળા ૧ નંગનો ભાવ | |
| | | પેડલ સ્ટેન્ડ પંખા ફીટીંગ સાથે૧નંગનો ભાવ | |
| | | લાઈટના ફોકસ ૧૫૦ W ૧ નંગનો ભાવ | |
| | | લાઈટના ફોકસ ૪૦૦ W ૧ નંગનો ભાવ | |
| | | જનરેટર ૧ નંગ (૧૨.૫ kv)નો ભાવ | |
| | | જનરેટર ૧ નંગ (૭.૫ kv)નો ભાવ | |
| ૨. | સ્ટેજ | પ્લેટફોમ સાઈઝ ૧૫ × ૩૦ ફુટ, પ્લેટફોમ ઉપર કાર્પેટ અને સ્ટેજના પાછળના ભાગે પડદો સાથે, પ્લેટફોમ ની ઉંચાઈ ૩ ફુટ, | |
| | | સ્ટેજ પરના સ્ટેઈનલેસ સોફા ૧ નંગનો ભાવ | |
| | | સીંગલ શીટેડ વી.આઈ.પી ખુરસીનો ૧ નંગનો ભાવ | |
| | | સ્ટેજ પરનું ડાયસ ૧ નંગનો ભાવ | |
| | | સ્ટેજ પર ટીપોય ૧ નંગનો ભાવ | |
| ૩. | સ્વાગત ગેટ | ગેટ નંગ ૧– સાઈઝ ૧૨ × ૧૦ નમસ્તે) કોટન સીલ્ક કાપડ સહિત | |
| ૪. | પ્રદર્શન સ્ટોલ | <u>સ્ટોલ ૧નંગ</u><br>સાઈઝ ૧૫ × ૧૫ ફુટ, ત્રણ બાજુથી બંધ ગ્રીન ફલોરીંગ સાથે પી.વી.સી. ખુરશી ૨ નંગ, ૨ નંગ ટેબલ, ટેબલ કલોથ સાથે, ટયુબલાઈટ ૧નંગ, દરેક સ્ટોલમાં લાઈટનું સોકેટ ૧ નંગ, સ્ટેન્ડવાળા પંખો ૧ નંગ | |

| | | | |
|---|---|---|---|
| ૫. | મંડપમાં સાઉન્ડ સીસ્ટમ | પી.એ.સાઉન્ડ સીસ્ટમ<br>૧. સ્પીકર હેવી) નંગ–૨<br>૨. સ્ટેન્ડીંગ માઈક્રોફોન નંગ–૩<br>૩. કોડલેસ માઈક્રોફોન નંગ–૧<br>૪. બેટરી નંગ ૧ (સાઉન્ડ સીસ્ટમ માટેની)<br>૫. CD/DVD પ્લેયર એમ્પ્લીફાયર સાથે નંગ–૧ | |
| ૬. | ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી | ૧) ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓનુ વિડીયો શુટીંગ કરી અને ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓના દરેક બાબતને આવરી લેતી ફોટાની નંગ–૨ કોપી બનાવી આપવી.<br>૨) ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓના દરેક બાબતને આવરી લેતી ૬'×૪' ના ૧૫૦ ફોટાનો આલ્બમ બનાવવુ. | |
| ૭. | LED WALL | ૮ X ૧૨ ફુટ ના ભાવ | |
| | | **કુલ ભાવ** | |

ટેન્ડર ભરનારનું નામ :–
મોબાઈલ નંબર :–

સ્થળ :...............................

તારીખઃ.............................

પાર્ટીની સહિ અને સિકકા

સરનામું

સંપર્ક–મો.નં.

# <u>શરતો</u>

| | |
|---|---|
| ૧ | સદર ૨૦૧૯–૨૦ દરમ્યાન તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવાની તારીખ નકકી થયે અગાઉથી જાણ કરવામાં આવશે. અનિવાર્ય સંજોગોમાં તારીખ અને સ્થળમાં ફેરફાર કરી શકાશે. તે મુજબ જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૨ | ભાવો તમામ પ્રકારના ટેકસ, ટેરીફ, ટોલ, ચાર્જ, ટ્રાન્સપોર્ટ ચાર્જ અને GST સહિત ના સાથે સામેલ રેટ કવોટીંગ પ્રફોર્મોમાં આપવાના રહેશે. |
| ૩ | નિયત ટેન્ડર ફોર્મ રોકડથી ૧૫૦૦/– ભરી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા ખાતેથી કચેરીના સમય દરમ્યાન મળી રહેશે તેમજ નાણાં રોકડા ભર્યાની રસીદ ટેન્ડર ફોમ સાથે જોડવી નહિતર સદર ફોર્મ અપુર્ણ ગણી રદ કરવામાં આવશે. |
| ૪ | સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની કામગીરી તરીકેના અનુભવ હોય તો જે અંગે સબંધીત અધિકારીશ્રીનું પ્રમાણપત્ર અથવા આધાર રજુ કરવાના રહેશે. |
| ૫ | ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળાનાં સ્થળે કચેરીમાંથી આપવામાં આવેલ ઓર્ડર તથા માપ આપ્યા મુજબ સ્થળ ઉપર પ્રદર્શન માટેના સ્ટોલ તથા સભા મંડપ કાર્યક્રમના આગલા દિવસે તૈયાર કરી આપવાના રહેશે. |
| ૬ | સ્ટેજ સાથેનો મુખ્ય સભા મંડપ, રસોડા મંડપ, સ્ટોલ, ગેઈટ અને લાઈટના ફોકસમાં જરૂરી ફેરફાર સક્ષમ અધિકારીની સુચના મુજબ ફેરફારને પાત્ર રહેશે. |
| ૭ | ભાવપત્રક બંધ કવરમાં મોકલવું અને કવર ઉપર **'મંડપ/સ્ટોલ સાઉન્ડ સીસ્ટમ, તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના ભાવ'** એવુ લખી **વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી પારસી ટેકરા, દેડીયાપાડા– ૩૯૩ ૦૪૦, જી– નર્મદા (ગુજરાત)** ખાતે તાઃ૨૩/૦૬/૨૦૧૯ સુધીમા પોસ્ટ/ કુરીયર દ્વારા કચેરીના સમય દરમ્યાન મળે તે રીતે મોકલવું. |
| ૮ | દસ્તાવેજો/સાધનિક પ્રમાણપત્રો અને વિગતોની યાદી નીચે મુજબ ક્રમશ નકલ ગોઠવણી કરી સામેલ રાખવી, નહીતર ટેન્ડર ફોર્મ અધૂરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હકદાવો રહેશે નહી.<br>૧. ટેન્ડર ફી ભર્યાની રસીદ ઓરીજનલ.<br>૨. અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પૂરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ.<br>૩. પાન કાર્ડની નકલ.<br>૪. આધાર કાર્ડની નકલ.<br>૫. જીએસટી (GST) નોધણીનું સર્ટીફિકેટ ( જો GST નંબર ન હોય તો તે અગેનું પ્રમાણપત્ર ભાવ મોકલનાર પાર્ટીના લેટરપેડ પર રજુ કરવાનું રહેશે.)<br>૬. કંપની રજીસ્ટ્રેશનની નકલ/ નગરપાલીકાનું સર્ટીફીકેટની નકલ.<br>૭. સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં મંડપ/સ્ટોલ સાઉન્ડ સીસ્ટમ, તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી તરીકેના અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર અથવા આધાર<br>૮. બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી તે સબબનું લેટરપેડ પર પ્રમાણપત્ર. |
| ૯ | ભાવપત્રક જમાં થયા પછી કોઈપણ વિગતો ઉમેરી શકાશે નહી. |
| ૧૦ | જે તે પાર્ટીએ વસ્તુની સર્વિસ કે છુટછાટ (ડીસ્કાઉન્ટ)ને લગતી માહીતી કે શરતો ટેન્ડરમાં દર્શાવવી |
| ૧૧ | ભાવ પત્રકમાં આપેલ ક્રમાંક ૧થી ૭ ની દરેક આઈટમોનો ભાવ તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી માન્ય રાખવામાં આવશે અને ખાસ સંજોગોમાં નકકી કરેલ કમીટી જો માન્ય રાખે તો વધારાના સમય ગાળા માટે આ ભાવ પત્રક માન્ય રાખવામાં આવશે અને વર્ષ દરમ્યાન કોઈ પણ ભાવ વધારો ફેર માન્ય રાખવામાં આવશે નહી. |
| ૧૨ | ટેન્ડરમાં જે ભાવ ભરવામાં આવે તે છેકછાક કે સુધારા વધારા વગરના આંકડા સ્પષ્ટ વાંચી શકાય તે રીતે લખવા જયાં છેકછાક કે સુધારા વધારા થતા હોય ત્યા નવેસરથી ભાવ લખી ટુંકી સહી કરવી અને પેન્સીલથી ભાવો લખવા નહીં તેમજ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની વિગત પ્રમાણેનું ભાવપત્રક જ માન્ય ગણશે. |
| ૧૩ | માન્ય રાખેલ ટેન્ડર પ્રમાણે ઓર્ડર આપ્યા પછી નિયત સ્પેસીફિકેશન મુજબ આઈટમ પુરી પાડવામાં નિષ્ફળ |

| | |
|---|---|
| | જશે તો જે તે આઈટમ અન્યથી ખરીદવામાં આવશે અને તે કારણે ટેન્ડરના ભાવ કરતા જે કંઈ ખર્ચ હશે તે અંગે સઘળી જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે. અને તે તફાવતની રકમ તેઓ પાસેથી વસુલવામાં આવશે. |
| ૧૪ | કામગીરી પુર્ણ થયા પહેલા કોઈપણ પ્રકારનું એડવાન્સ રકમ/ પેમેન્ટ આપવામાં આવશે નહી. તથા કામગીરી સંતોષકારક રીતે પુર્ણ થયા બાદ વડી કચેરીએથી બીલ પાસ થયા બાદ Account Pay ચેક દ્વારા ચુકવણુ કરવામાં આવશે. |
| ૧૫ | સાઉન્ડ સીસ્ટમ કાર્યક્રમના દિવસે સવારે ૭.૦૦ કલાકે શરૂ કરી કાર્યક્રમના સમાપન સુધી ચલાવવાની રહેશે. કાર્યક્રમ દરમ્યાન વસ્તું ખોટકાઈ તો કાર્યક્રમને અસર ન થાય એવી વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે. સમગ્ર સેવાઓ કાર્યક્રમ પુર્ણ થયા સુધીની રહેશે. |
| ૧૬ | કાર્યક્રમના અંતે **વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા– ૩૯૩ ૦૪૦, જી– નર્મદા** ના નામનું પાકું બીલ દિન–૭ માં આપવાનું રહેશે. |
| ૧૭ | સરકારશ્રીનાં income tex Department દ્વારા ધારા– ધોરણ મુજબ બીલનાં ચુકવણા સમયે TDS ની કપાત કરવામાં આવશે. બીલના પેમેન્ટ બાબતે કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૧૮ | ફોર્મમાં આપેલ ક્રમાંક ૧થી ૭ દરેક આઈટમોનો ભાવ ભરવાનો રહેશે અને ૧થી ૭ દરેક આઈટમના કુલ રકમને ધ્યાન માં રાખી મંજુર કરવામાં આવશે. જો ભાવો ના મંજુર કરવામાં આવે તો કોઈ કારણ આપવામાં આવશે નહી. |
| ૧૯ | જો મોકલવામાં આવેલી વસ્તુની ગુણવત્તા જળવાશે નહી તો એમનું પેમેન્ટ અટકાવી દેવામાં આવશે. તેમજ ઓછી ગુણવત્તાવાળી વસ્તુઓ પરત કરવાનો ખર્ચ, ભાડુ જે તે માલિક (પાર્ટી) નો રહેશે. |
| ૨૦ | જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવેતે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭માં સિકયોરીટી ડીપોઝીટ (SD)ના ૪.૯૦%(ટકા) સ્ટેમ્પ ડયુટી રકમ વાપરેલ કરારખત કચેરીમા જમા કરાવવાનો રહેશે. |
| ૨૧ | કોઈપણ વિવાદાસ્પદ કામમાં કે વસ્તુમાં **વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી , કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા**નો નિર્ણય આખરી રહેશે અને કોઈપણ જાતની કાનુની કાર્યવાહી નર્મદા જીલ્લા પુરતી મર્યાદિત રહેશે. |
| ૨૨ | ટેન્ડર ભરનાર પાર્ટીએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે **“NAU,KVK Revolving Fund Account, SBI,Dediapada”** ના નામનો રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પૂરા) નો ડીમાન્ડ ડ્રાફટ ટેન્ડર ફોર્મની સાથે મોકલવાનો રહેશે. જો ટેન્ડરની સાથે ઉપરની વિગતે ડીમાન્ડ ડ્રાફટ મોકલવામાં નહી આવે તે પાર્ટીનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૨૩ | અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની પુરેપુરી રકમ નીચે દર્શાવેલ કારણોસર જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં<br>(અ) ટેન્ડર ભરનાર પાર્ટી પોતાનું ટેન્ડર પરત ખેચશે તો.<br>(બ) જે પાર્ટીનું ટેન્ડર મંજુર કરવામાં આવે અને તે પાર્ટી જો મંડપ/સ્ટોલ સાઉન્ડ સીસ્ટમ, તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી ની કામગીરી કરવાનું ન સ્વીકારીને પીછે હઠ કરે તો, |
| ૨૪ | જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭ માં સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમનો રૂા. ૧૫,૦૦૦ /– ( અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફટ **“NAU,KVK Revolving Fund Account, SBI,Dediapada”** ના નામનો જમા કરાવવાના રહેશે, જે રકમ નીચે દર્શાવેલ કારણોસર પૂર્ણ અથવા અંશતઃ જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં ,<br>(અ) સમારંભના અંતે સાફ સફાઈ કરી સભાનું સ્થળ યોગ્ય રીતે સાફ સફાઈ કરવામાં ન આવે અને યુનિવર્સિટી તરફથી સફાઈની વ્યવસ્થા કરવામાં આવે, અને<br>(બ) કોન્ટ્રાકટની નકકી કરેલ સમયાવધિ પહેલાં અધવચ્ચેથી કામગીરી છોડીને જતા રહે તો,<br>(ક) મંડપ/સ્ટોલ સાઉન્ડ સીસ્ટમ, તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી ની કામગીરી સંતોષકારક ન કરે તો,<br>અન્યથા કોન્ટ્રાકટ પૂર્ણ થયે કામગીરી સંતોષકારક જણાય તો સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ કોઈ પણ જાતના વ્યાજ વગર પુરેપુરી પરત કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૨૫ | અસફળ રહેલ પાર્ટીને તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની રકમ ટેન્ડરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે. જયારે સફળ રહેલ પાર્ટીને સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ જમાં કરાવે પછી પરત કરવામાં આવશે. |
| ૨૬ | જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે મંડપ/સ્ટોલ સાઉન્ડ સીસ્ટમ, તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી પુરી પાડવામાં નિષ્ફળ જશે તો કોઈપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો કોન્ટ્રાકટ રદ કરી પછીના ક્રમે આવતા ઈસમને કોન્ટ્રાકટ આપી દેવામાં આવશે અનેસિકયોરીટી ડીપોઝીટ (SD) ની રકમ પુરેપુરી જપ્ત (forfeit) કરવામાં આવશે. |
| ૨૭ | કરેલ કોન્ટ્રાકનાં સમયગાળા દરમ્યાન સંતોષકારક મંડપ/સ્ટોલ સાઉન્ડ સીસ્ટમ, તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી ની કામગીરી કરવામાં ન આવે અથવા પાર્ટી વખતોવખત મળતી સુચનાઓનો અમલ ન કરે તો કોઈ પણ સમયે કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા સિવાય કોન્ટ્રાકટ રદ કરવાની સત્તા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા પાસે અબાધિત રહેશે. |

**સ્થળ:**

**ઉપરોકત શરતો અને બોલીઓ (૧ થી ૨૭)**

**તારીખ:**

**મેં બરાબર વાંચીને સમજી છે અને તે મને માન્ય છે.**

**ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો**

# <u>બાહેધરી પત્ર</u>

પ્રતિ,
વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ.,
દેડીયાપાડા

અમો નીચે સહિ કરનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા માટે તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી પ્રવૃતિઓ માટેનો મુખ્ય મંડપ, પ્રદર્શન માટેના સ્ટોલ, ભોજન માટેનો મંડપ, સાઉન્ડ સીસ્ટમ તથા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના સેવાઓ પુરી પાડવા માટેની ટેન્ડરમાં આપેલ શરતો ૧થી ૨૭ મુજબનું પાલન કરીશું તથા સંતોષકારક સેવાઓ પુરી પાડવાની અમે બાહેધરી આપીએ છીએ. તેમ છતા કાર્યક્રમ દરમ્યાન શરતોનું ઉલંઘન થાય તો તમો અમારી ડીપોઝીટ કચેરી દ્વારા જપ્ત કરી શકશે એવી બાહેધરી લખી આપીએ છીએ.

સ્થળ :..............................

તારીખ:.............................

પાર્ટીની સહિ અને સિકકા

સરનામું

સંપર્ક–મો.નં.